અપીલ અરજી નં.૪૪૦ તા.૧૬–૩–૧૦

અરજદારઃ– શ્રી રાણા પીન્કલ કાન્તીલાલ
સામાવાળાઃ– ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિ તી અધિકારી (અઠવાઝોન)
શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રાણા પીન્કલ કાન્તીલાલની તા.૧૧–ર–૧૦ ની અરજીથી ખજોદ તથા સરસાણા ગામના નકશા આપના રેકોર્ડ પ્રમાણેના આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૬–૩–૧૦ ની અપીલ અરજી નં.૪૪૦/ર૦૦૯–૧૦

શ્રી રાણા પીન્કલ કાન્તીલાલની તા.૧૧–ર–૧૦ ની અરજીથી ખજોદ તથા સરસાણા ગામના નકશા આપના રેકોર્ડ પ્રમાણેના આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તથા સેન્ટ્રલઝોન ધ્વારા તબદીલનો પત્ર મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૬–૩–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૪૮૪ તા.ર૩–૩–૧૦ થી ડે.કમિશ્નર(સ્પે)અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને તથા અરજદારે અપીલ અરજીમાં બી.પી.એલ કાર્ડની નકલ રજુ કરેલ નથી તથા મુળ અરજી સમયે બી.પી.એલ. કાર્ડની નકલ રજૂ કરેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩ તા.પ–૪–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧પ૯૬ તા.૧પ–ર–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગને તબદીલ કર્યા અંગેની પત્રની નકલ, ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.આરટીઆઈ/૪૬૯ તા.ર૬–ર–૧૦ થી જાહેર માહિતી અધિકારી અને ડ્રિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ ઈન્સ્પેકટર નાનપુરાને તબદીલ કર્યાના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/આરટીઆઈ/આ.નં.૮ તા.૪–૪–૧૦ થી મુળ અરજીની નકલ તથા અપીલ અરજીની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૬–૩–૧૦ ના પત્ર સાથે બીપીએલ કાર્ડની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૧–ર–૧૦ ની અરજીથી ખજોટ તથા સરસાણા ગામના નકશા રેકર્ડ પ્રમાણે આપવા ની માંગણી કરતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૧પ૯૬ તા.૧પ–ર–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને નગર નિયોજક મ. જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં./આરટીઆઈ/૪૬૯ તા.ર૬–ર–૧૦ થી જાહેર માહિતી અધિકારી અને ડ્રિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ ઈન્સ્પેકટર નાનપુરા, બહુમાળી મકાન, સુરતને તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૧૬–૩–૧૦ ના રોજ અપીલ અરજી કરી અઠવાઝોનમાં તપાસ કરતાં પહોંચેલ નથી તેમજ સેન્ટ્રલઝોન તરફથી અરજી તબદીલ પત્ર અમોને આજ દિન સુધી મળેલ નથી તેવું જણાવી માહિતી અરજીની ઝેરોક્ષ નકલ રજૂ કરી અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન સામે અપીલ કરેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે આપેલ પૂરક વિગતોમાં અઠવાઝોન તરફથી માહિતી નહીં મળ્યાની રજૂઆત કરેલ છે. જે બાબતે અઠવાઝોન તરફથી નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮ તા.૪–૪–૧૦ થી સેન્ટ્રલઝોન તરફથી અરજી તબદીલ કરવામાં આવેલ નથી તેવું જણાવેલ છે અને સાથે મુળ અરજીની નકલ રજૂ કરેલ છે. આમ હકીકત જોતાં જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ખાતે મુળ અરજી તબદીલ નહીં થયાનું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ ધ્વારા સંપૂર્ણ અરજી અન્ય જાહેર સત્તા મંડળને તબદીલ થયેલ હોઈ તે અંગે પ્રસ્તુત તબકકે અઠવાઝોનના જાહેર માહિતી અધિકારી કક્ષાએ કોઈ કાર્યવાહી કરવાની રહે નહીં. અરજદારને તબદીલ થયેલ જાહેર માહિતી અધિકારી ડ્રિસ્ટ્રીકટ ઈન્સ્પેકટર લેન્ડ રેકર્ડ કક્ષાએથી માહિતી મળેલ ન હોય તો તેમના ઉપરી અને અપીલ અધિકારીને પ્રથમ અપીલ કરવાની રહે. સેન્ટ્રલઝોન અને ટાઉન પ્લાનીંગ બંને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારની જાણ હેઠળ અરજી તબદીલ કર્યાનું નકલ પરથી જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૧–ર–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અરજી અન્ય જાહેર સત્તા મંડળને તબદીલ થયેલ હોઈ તે અંગેની અપીલીય કાર્યવાહી અત્રેથી ચલાવવાની રહેતી નથી અપીલ દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો લાગત પ્રથમ અપીલ અધિકારીને અલાયદી અપીલ કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશ્નર(સ્પે) અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ...જાણ તથા અમલ માટે
(ર) શ્રી રાણા પીન્કલ કાન્તીલાલ,